તા. ૨૪.૦૩.૨૦૨૪

દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ

## મોદી સ્ટેડિયમમાં 24, 31 માર્ચ અને 4 એપ્રિલે મેચ રમાવાની છે

# IPLની 3 મેચ માટે મેટ્રો રાત્રે 12 સુધી દોડશે, રૂ.50ની પેપર ટિકિટ મળશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 24 અને 31 માર્ચ તેમજ 4 એપ્રિલે આઈપીએલની મેચ રમાશે. પ્રેક્ષકો માટે મેટ્રો સવારે 6.20થી રાત્રે 12 સુધી સેવા પૂરી પાડશે. સામાન્ય દિવસોમાં મેટ્રોની સેવા રાત્રે 10 સુધી જ ચાલુ હોય છે. મેચ જોઈ પરત ફરી રહેલા લોકો માટે રૂ.50ના દરની ખાસ પેપર ટિકિટ બહાર પડાઈ છે. આ ટિકિટનો ઉપયોગ સ્ટેડિયમ તેમજ સાબરમતી મેટ્રો સ્ટેશનથી કોઈપણ મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી કરવા થઈ શકશે. ટિકિટ ખરીદવા લોકોએ લાંબો ટાઈમ લાઇનમાં ન ઊભું રહેવું પડે તે માટે મેચના દિવસે સ્ટેડિયમ તેમજ સાબરમતી સ્ટેશન પરથી પ્રેક્ષકો સવારે 8 વાગ્યાથી આ ખાસ પેપર ટિકિટ એડવાન્સમાં ખરીદી શકશે. આ ઉપરાંત સ્માર્ટ ટોકન, જીએમઆરસીએ ઈશ્યૂ કરેલું સ્માર્ટ કાર્ડ રાત્રે 10 સુધી ચાલશે.

### AMTSની વધારાની 91, BRTSની 68 બસ મળી રહેશે

રવિવારની આઈપીએલની મેચ માટે એએમટીએસ 17 રૂટ પર 91 વધારાની બસ દોડાવશે. દિવસે 12 રૂટની 71 બસ ઉપરાંત રાત્રે વધારાના 5 રૂટ પર 20 બસ દોડાવાશે. બીઆરટીએસ પણ અંબા ટાઉનશીપથી ઝુંડાલ સર્કલ થઈ 24 બસ, ઝુંડાલ સર્કલથી નારોલ સુધી 21 બસ રાત્રે 1 સુધી દોડાવશે. નહેરુનગરથી વિસત સુધી 6, ઇસ્કોનથી વિસત સુધી 10 અને નારોલથી વિસત સુધી 7 બસની વધારાની સેવા હશે. બીઆરટીએસની કુલ 68 બસ દોડાવાશે. આઈપીએલની ત્રણેય મેચ માટે સ્ટેડિયમથી વાસણાના રૂટ, સ્ટેડિયમથી મણિનગર રૂટ, સ્ટેડિયમથી ઓઢવ, સ્ટેડિયમથી નારોલ અને સ્ટેડિયમથી ઉજાલા સર્કલ સુધી 4-4 બસ દોડાવવામાં આવશે.